RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

## NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 58 * Date: 17.12.2024,Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# રાજસ્થાનમાં કડકડતી ઠંડી, આબુમાં બરફ જામ્યો







પહાડી વિસ્તારોમાં હિમવર્ષાના કારણે દેશના ઉત્તરીય રાજ્યોમાં શિયાળો તીવ્ર બની રહ્યો છે. મધ્યપ્રદેશમાં ૭ દિવસથી કોલ્ડવેવ ચાલી રહી છે. સોમવારે ભોપાલ અને જબલપુર સહિત ૩૭ જિલ્લામાં કોલ્ડવેવનું એલર્ટ છે. શહડોલમાં તાપમાન ૧.૦ ડિગ્રીએ પહોંચ્યું છે.ઉત્તર પ્રદેશના અયોધ્યામાં પારો ૨.૫ ડિગ્રીએ પહોંચી ગયો છે. ૧૩ વર્ષ બાદ કાનપુરમાં લઘુત્તમ તાપમાન ૪.૫ ડિગ્રી નોંધાયું હતું. ૨૦૧૧માં ૧૫ ડિસેમ્બરે અહીં લઘુત્તમ તાપમાન ૪.૭ ડિગ્રી નોંધાયું હતું.રાજસ્થાનમાં આગામી ચાર દિવસ સુધી કડકડતી ઠંડી પડવાની સંભાવના છે. સિઝનમાં પ્રથમ વખત કોલ્ડ વેવનું ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. ફતેહપુર (સીકર)માં તાપમાન માઈનસ નોંધાયું હતું. માઉન્ટ આબુમાં પાંદડા પર બરફ જામી ગયો છે.હવામાન વિભાગે સોમવારે બિહાર-હરિયાણા સહિત ૧૪ રાજ્યોમાં કોલ્ડવેવ એલર્ટ જાહેર કર્યું છે. પંજાબ અને એમપીમાં તીવ્ર કોલ્ડવેવનું એલર્ટ આપવામાં આવ્યું છેહાલની હિમવર્ષા બાદ ઉત્તરાખંડના પિથોરાગઢ જિલ્લામાં ૧૮ હજાર ફૂટ ઊંચાઈએ 'ઓમ' પર્વત બરફથી ઢંકાઈ ગયો છે. વિશ્વના આ એકમાત્ર પૌરાણિક પર્વત પર કુદરતી રીતે ઉદભવેલું '?' ફરી દેખાય છે. ગયા વર્ષે ખૂબ જ ઓછી હિમવર્ષા અને પહાડોમાં વધતા તાપમાનને કારણે આ વર્ષે ઓગસ્ટમાં પહેલીવાર આ પર્વત પરથી બરફ ગુમ થઈ ગયો હતો.

જોકે, હવે આદિ કૈલાશ, બદ્રીનાથ, કેદારનાથ અને ગંગોત્રી ધામ સહિતના ઊંચાઈવાળા વિસ્તારોમાં એક ફૂટ સુધી હિમવર્ષા થઈ છે. રાજ્ય હવામાન કેન્દ્રના નિયામક ડૉ. બિક્રમ સિંહના જણાવ્યા અનુસાર, એક સપ્તાહ પછી હિમવર્ષાના બીજા ભારે રાઉન્ડની શક્યતાઓ છે.

## ગાંધીનગર એરફોર્સ સ્ટેશનના ક્લાર્કની એક્ઝામમાં ડમી પરીક્ષાર્થી ઝડપાયો, અંડરવેરમાં મોબાઈલ અને ઈયર પ્લબ ડિવાઈસ મળ્યું

ગાંધીનગર એરફોર્સ સ્ટેશન ખાતે યોજાયેલી લોઅર ડિવિઝન ક્લાર્ક (એલડીસી)ની પરીક્ષામાં ડમીકાંડ સર્જાયો હતો. હરિયાણાના એક યુવકને બદલે અન્ય યુવક આવ્યો હતો. તેને પરીક્ષા ખંડમાં અંડરવેરમાં સંતાડેલા મોબાઈલ ફોન અને ઈયરપ્લગ સાથે ઝડપી લેવામાં આવ્યો છે. પોલીસે આ મામલે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.ગાંધીનગરનાં એરફોર્સ સ્ટેશન ખાતે વોરન્ટ ઓફિસર એડજ્યુટન્ટ તરીકે ફરજ બજાવતા રવિકાન્ત બિંદેશ્વરીસીંગે નોંધાવેલી ફરિયાદ મુજબ ગઈકાલે પ્રાદેશિક પરીક્ષા બોર્ડ (વેસ્ટ) ગાંધીનગર દ્વારા




આયોજીત લોઅર ડિવિઝન ક્લાર્ક (એલ .ડી.સી.) ની ત્રણ પોસ્ટ માટેની લેખિત પરીક્ષા એરફોર્સ સ્ટેશન વાયુશક્તિ નગર પાલજ ખાતે યોજવામાં આવી હતી.

આ પરીક્ષા આપવા માટે ભારતમાંથી આશરે ૧૨૫ ઉમેદવારો પરીક્ષા આપવા માટે સવારે સાડા સાત વાગે પાલજ ખાતેના એરફોર્સ ખાતે આવ્યા હતા. જે અન્વયે ઉમેદવારોને સૂચના કરવામાં આવેલી કે કોઈપણ ઉમેદવારે ફક્ત પોતાનું ઓળખકાર્ડ અને કોલ લેટર સાથે પરીક્ષા આપવાની રહેશે. ત્યારબાદ પરીક્ષા આપવા આવેલ ઉમેદવારોની હાજરીની એરફોર્સના સાર્જન્ટ દ્વારા વારાફરતી ચકાસણી કરવામાં આવી હતી. દરમિયાન એક ઉમેદવાર પવનકુમાર ઓમપ્રકાશ (રહે વોડ નંબર ૬, જોગીવાલા સીરસા હરિયાણા) ના આધારકાર્ડ તથા પાનકાર્ડની ચકાસણી કરી તલાશી લેતાં તેના અંડરવેરમાંથી મોબાઈલ ફોન ઈયર પ્લગ ડિવાઈસ મળી આવ્યું હતું.બાદમાં તેની વધુ પૂછતાંછ કરતાં તેણે પોતાનું સાચું નામ અમનકુમાર રમેશકુમાર ફુલબાટી( રહે સાંજરવાસ તા.જી. ચારખીદાદરી પોલીસસ્ટેશન બોન્દકલા હરિયાણા) હોવાનું જણાવ્યું હતું અને તેની પાસેનું આધાર કાર્ડ અને પાન કાર્ડ અને કોલલેટર પવનકુમાર ઓમપ્રકાશના નામના હતા. જે પવનની જગ્યાએ પરીક્ષા આપવા આવ્યો હતો. જે અંગે ફરિયાદ આપતા ચીલોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## દહેગામનાં સરદાર શોપિંગ સેન્ટરમાં ગાંજા સાથે ૨ વેપારી ઝડપાયા, ૩૬ હજારનો મુદ્દામાલ જપ્ત

દહેગામના સરદાર શોપિંગ સેન્ટરમાં ઘડિયાળની દુકાનની આડમાં ગાંજાનો વેપલો કરતા બે સગા ભાઈઓને ગાંધીનગર સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની ટીમે પૂર્વ બાતમીના આધારે દરોડો પાડી અંદાજીત ૩૬ હજારના મુદ્દામાલ સાથે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.ગાંધીનગર સ્પેશિયલ ઓપરેશન ગ્રુપના પીઆઈ વી ડી વાળાની ટીમને બાતમી મળી હતી કે, દહેગામ પોલીસ મથકની હદ વિસ્તારના સરદાર શોપિંગ સેન્ટર ખાતે અશોક વોચ કુ નામની દુકાનમાં ઘડિયાળના ધંધાની આડમાં બે ભાઈઓ ગાંજાનું પણ વેચાણ કરી રહ્યા છે. જે બાતમીના આધારે એસઓજીએ ઉપરોક્ત દુકાનમાં દરોડો પાડ્યો હતો.જ્યાં કાઉન્ટર ઉપર બે ઈસમો હાજર મળી આવ્યા હતા. જેઓની પૂછતાંછ કરતાં તેમણે પોતાના નામ અજીત બચુભાઈ ચૌહાણ તેમજ



રણજીત બચુભાઈ ચૌહાણ (બને રહે. લીબચમાતાની ફળી, લવાર ચકલા પાસે દહેગામ) હોવાનું જણાવ્યું હતું. બાદમાં પોલીસે દુકાનની તલાશી લેતાં દુકાનની પાછળના ભાગે આવેલા નાના રૂમમાં લાકડાના ઘોડામાંથી પ્લાસ્ટિકની કોથળીમાંથી લીલા જેવા રંગની મીણીયાની કોથળીમાંથી ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો.જે અંગે પૂછતાં આજથી ચારેક દિવસ અગાઉ અજીત ઈડર ગયો હતો. અને ઈડર બસ સ્ટેન્ડ પાસે ગુલાબ નામના ઈસમ પાસેથી છ હજારમાં ગાંજો ખરીદી લાવ્યો હોવાની કબૂલાત કરી હતી.

## 'તમારું અંગ્રેજી સારું છે પણ કર્મો નહીં..', બંધારણ મુદ્દે ચર્ચા વચ્ચે રાજ્યસભામાં ખડગેનો નિર્મલા પર કટાક્ષ

પીએમ મોદીએ લોકસભામાં બંધારણ પરની ચર્ચાનો જવાબ આપ્યો હતો. આજે પણ રાજ્યસભામાં બંધારણ પર ચર્ચા થઈ રહી છે. સીતારમણ અને ખડગે વચ્ચે શાબ્દિક યુદ્ધ જોવા મળ્યું હતું. બંધારણ પરની ચર્ચા દરમિયાન પૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નેહરુ પર હુમલો કરવા બદલ નિર્મલા સીતારમણને આડે હાથ લેતાં મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે, મારે તેમને જણાવવું પડશે કે મને પણ વાંચતા આવડે છે. મેં મ્યુનિસિપાલિટી સ્કૂલમાં અભ્યાસ કર્યો છે. નિર્મલા સીતારમણે જવાહરલાલ નેહરુ યુનિવર્સિટીમાંથી અભ્યાસ કર્યો છે. તેમની અંગ્રેજી સારી છે, તેમની હિન્દી સારી હશે એ નિશ્ચિત છે, પણ તેમના કર્મો સારા નથી.

**તમારી અંગ્રેજી સારી છે પણ કર્મો નહીં**

કોંગ્રેસ નેતા મલ્લિકાર્જુન ખડગેએ રાજ્યસભામાં કહ્યું કે, 'હવે અમારે તેમને કહેવું પડશે કે, અમે પણ થોડું-ઘણું વાંચતા આવડે છે. અમે તો મ્યુનિસિપાલિટી સ્કૂલમાં અભ્યાસ કર્યો છે. તેમણે જવાહરલાલ નેહરુ યુનિવર્સિટીમાંથી અભ્યાસ કર્યો છે. ચોક્કસપણે તેમની અંગ્રેજી સારી હશે, તેમની હિન્દી પણ સારી હોય શકે છે. બધું સારું હોઈ શકે, પરંતુ તેમના કર્મો સારા નથી. ખડગેએ અહેમદ ફરાઝની શાયરી 'તુમ ખંજર ક્યોં લહરાતે હો.....' થી સરકાર પર કટાક્ષ કર્યો હતો.

**રામલીલા મેદાનમાં સળગાવ્યા હતા પૂતળા**

કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું કે, 'જે લોકો રાષ્ટ્રધ્વજને નફરત કરે છે, જે આપણા 'અશોક ચક્ર'ને નફરત કરે છે, જે બંધારણને નફરત કરે છે. આવા લોકો અમને શીખવવાનો પ્રયત્ન કરી રહ્યા છે. જ્યારે બંધારણ બનાવવામાં આવ્યું હતું ત્યારે આ લોકોએ તેને સળગાવી દીધુ હતું. જે દિવસે બંધારણ અપનાવવામાં આવ્યું તે દિવસે તેમણે રામલીલા મેદાન (દિલ્હી)માં બાબાસાહેબ આંબેડકર, જવાહરલાલ નેહરુ, મહાત્મા ગાંધીના પૂતળા સળગાવ્યા હતા.

મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે, ૧૯૪૯માં ઈજીજીના નેતાઓએ ભારતના બંધારણનો વિરોધ કર્યો હતો કારણ કે, તે મનુસ્મૃતિ પર આધારિત નહોતું. તેમણે ન તો બંધારણ સ્વીકાર્યું કે ન તો તિરંગાનો સ્વીકાર કર્યો. ૨૬ જાન્યુઆરી ૨૦૦૨ના રોજ મજબૂરીમાં ઈજીજી મુખ્યાલયમાં પ્રથમ વખત તિરંગો ફરકાવવામાં આવ્યો હતો. કારણ કે આ માટે કોર્ટનો આદેશ હતો. મલ્લિકાર્જુન ખડગેએ ઈન્દિરા ગાંધીની સરકારના સમયમાં બાંગ્લાદેશની આઝાદીનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે એક લાખ લોકોને કેદ કરવા સરળ કામ નથી. પરંતુ આયર્ન લેડી ઈન્દિરા ગાંધીએ કહી દીધું હતું કે અમારી નજીક આવ્યા તો છોડીશું નહી.

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે, લોકતંત્ર જે રીતે આગળ વધી રહ્યું છે તે ગર્વની વાત છે. તેમણે પ્રથમ વચગાળાની સરકારથી જ બંધારણની જોગવાઈઓ કાતર ચલાવવાથી લઈને પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુની સરકારની અભિવ્યક્તિની આઝાદી પર કાતર ચલાવવા અને બંધારણ સભાના સદસ્ય કામેશ્વર સિંહનો ઉલ્લેખ કરીને કોંગ્રેસને ઘેરી હતી. નાણામંત્રીએ પંડિત નેહરુ વિરુદ્ધ કવિતા લખવા બદલ મજરૂહ સુલતાનપુરીની ધરપકડ અને બલરાજ સાહનીની ધરપકડનો ઉલ્લેખ કરીને કોંગ્રેસને આડે હાથ લીધી હતી. નાણામંત્રીએ એમ પણ કહ્યું કે, આપણે વાયદાઓથી ભારતને આગળ વધારવાની જરૂર છે. છેલ્લા ૭૫ વર્ષની યાત્રાનો ઉલ્લેખ કરતાં બંધારણને કોંગ્રેસને ઘેર્યું અને કિસ્સા કુર્સી કા ફિલ્મની રિલીઝ પર રોક લગાવવાનો પણ ઉલ્લેખ કર્યો.

## મસ્જિદમાં 'જય શ્રી રામ'ના નારા લગાવવા અપરાધ કેવી રીતે? સુપ્રીમ કોર્ટનો કર્ણાટક સરકારને સવાલ

સુપ્રીમ કોર્ટે મસ્જિદની અંદર 'જય શ્રી રામ' ના નારા લગાવીને ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવાના આરોપમાં દાખલ કરાયેલા કેસને રદ કરવા સામે હાઈકોર્ટના આદેશને પડકારતા કેસમાં કર્ણાટક સરકાર પાસેથી જવાબ માંગ્યો છે. મસ્જિદમાં જય શ્રી રામના નારા લગાવવાને લઈને દાખલ કરવામાં આવેલ કેસને રદ કરવા વિરુદ્ધની અરજી પર નોટિસ જારી કરવા માટે હાલમાં સુપ્રીમ કોર્ટે ઈનકાર કરી દીધો છે. કોર્ટે અરજદારને કહ્યું કે, તમે અરજીની કોપી કર્ણાટક સરકારને સોંપો. રાજ્ય સરકારની જાણકારી લીધા બાદ જાન્યુઆરીમાં આ કેસની



સુનાવણી કરાશે.

સુપ્રીમ કોર્ટે સોમવારે કર્ણાટક સરકારને પૂછ્યું કે શું કોઈ મસ્જિદમાં જયશ્રી રામના નારા લગાવવા એ અપરાધ છે? આ સાથે કોર્ટે પૂછ્યું કે મસ્જિદમાં કથિત રીતે નારા લગાવનારા આરોપીઓની ઓળખ કેવી રીતે થઈ? જસ્ટિસ પંકજ મિથલ અને જસ્ટિસ સંદીપ મહેતાની બેન્ચે એમ પણ પૂછ્યું હતું કે શું આરોપીઓની ઓળખ નક્કી કરતા પહેલા સીસીટીવી ફૂટેજ કે અન્ય કોઈપણ પ્રકારના પુરાવાની તપાસ કરવામાં આવી હતી? કર્ણાટકના દક્ષિણ કન્નડ જિલ્લાના કડાબા તાલુકાના રહેવાસી અરજદાર હૈદર અલી તરફથી વરિષ્ઠ વકીલ દેવદત્ત કામત રજૂ થયા હતા. જસ્ટિસ પંકજ મિથલ અને સંદીપ મહેતાની બેન્ચે આ મામલાને સમજવાનો પ્રયાસ કરતાં પૂછ્યું કે ધાર્મિક નારા લગાવવા એ અપરાધ કેવી રીતે બની જાય છે? તેના પર કામતે કહ્યું કે, આ અન્ય ધર્મના ધાર્મિક સ્થળે બળજબરીથી પ્રવેશવાનો અને ધમકાવવાનો પણ મામલો છે. ત્યાં પોતાના ધર્મના નારા લગાવીને આરોપીઓએ સાંપ્રદાયિક સૌહાર્દને બગાડવાનો પ્રયાસ કર્યો છે.

## તંત્રી સ્થાનેથી..

# ગુજરાત સરકારનો મહત્ત્વનો નિર્ણય, ઈમ્પેક્ટ ફી ભરવાની મુદત વધુ છ મહિના લંબાવાઈ

ગુજરાત સરકારે ઈમ્પેક્ટ ફીને લઈને એક મહત્ત્વનો નિર્ણય લીધો છે. ગુજરાત સરકાર દ્વારા ઈમ્પેક્ટ ફી ભરવાની મુદતમાં સતત પાંચમીવાર વધારો કરતાં હવે વધુ છ મહિનાની મુદત લંબાવવામાં આવી છે. રાજ્યમાં બિનઅધિકૃત ગેરકાયદેસર બાંધકામો ફી ભરીને કાયદેસર કરવા માટેની ઈમ્પેક્ટ ફી ભરવાની મુદત વધુ ૬ મહિના માટે લંબાવાઈ છે. ઈમ્પેક્ટ ફી ભરવાની મુદતમાં સતત પાંચમી વખત વધારો કરવામાં આવ્યો છે. ચોથી વખત અપાયેલી ૬ મહિનાની મુદત ૧૬મી ડિસેમ્બર એટલે કે આજે પૂર્ણ થઈ રહી હતી. હવે નવી તારીખ ૧૭મી ડિસેમ્બરથી મંગળવારથી આગામી છ મહિના સુધી મુદતમાં વધારો કરવામાં આવ્યો છે.ગુજરાતમાં ગેરકાયદે બાંધાકમને ઈમ્પેક્ટ ફી ભરીને કાયદેસર કરી શકાય છે. આ પહેલા ચાર વાર સરકાર દ્વારા ઈમ્પેક્ટ ફીની મુદત વધારી હતી. ગુજરાત સરકાર દ્વારા ગેરકાયદે તેમજ બીયુ વિનાના બાંધાકમને તોડીને ઈમ્પેક્ટ ફી ભરીને કાયદેસર કરી શકાય તે માટે બાંધકામો તોડવાને બદલે નિયત ફી વસૂલીને કાયદેસર કરવા માટે ઈમ્પેક્ટ ફી કાયદો અમલી બનાવવામાં આવ્યો હતો. પરંતુ આ કાયદાને ઓછો પ્રતિસાદ મળતાં સતત પાંચમી વખત મુદત વધારાઈ છે.

# વર્ષ ૨૦૧૭થી અત્યાર સુધીમાં ૨૧ હજારથી વધુ વિદ્યાર્થીનીઓને રૂ. ૬૨૦ કરોડથી વધુની સહાય ચૂકવાઈ

વિકસીત ભારતની પરિકલ્પનાને સાકાર કરવામાં ગુજરાત હર હંમેશ અગ્રેસર રહ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્યમાં અનેકવિધ શિક્ષણલક્ષી યોજનાઓ અમલમાં છે. આ યોજનાઓની ફળશ્રુતી રૂપે રાજ્યની દિકરીઓ શિક્ષિત થઈ આત્મનિર્ભર બની રહી છે. ઉચ્ચ શિક્ષણ મંત્રી શ્રી ઋષિકેશ પટેલના નેતૃત્વમાં રાજ્યની દિકરીઓને શ્રેષ્ઠ ઉચ્ચ શિક્ષણ આપવા રાજ્ય સરકાર કટીબદ્ધ છે. 'મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના (સ્દ્ધદ્ધદ્ધ)' રાજ્ય સરકારના આ જ અભિગમને ચરિતાર્થ કરતી યોજના છે.

'મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૭થી અત્યાર સુધીમાં ૨૧ હજારથી વધુ વિદ્યાર્થીનીઓને તબીબી ક્ષેત્રે કારકીર્દી બનાવવા માટે રૂ. ૬૨૦ કરોડથી વધુની સહાય ચૂકવાઈ છે. ગુજરાતની 'વ્હાઈટ કોટ' મહિલા વોરિયર્સને પ્રોત્સાહિત કરતી 'મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના મેડિકલ ક્ષેત્રે (સ્મ્મ્જી) પોતાની કારકિર્દી બનાવવા ઈચ્છતી દિકરીઓ માટે આશીર્વાદ સમાન સાબિત થઈ રહી છે. મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના હેઠળ છ લાખ સુધીની વાર્ષિક આવક ધરાવતા પરિવારની વિદ્યાર્થીનીઓ કે જેઓ ધો-૧૨ પછી સ્મ્મ્જીમાં પ્રવેશ મેળવે છે, તેમને રાજ્ય સરકાર દ્વારા આર્થિક સહાય ચૂકવવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા સ્મ્મ્જી ના અભ્યાક્રમ માટે રૂ. ચાર લાખની સહાય ચૂકવવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે, આ યોજનાનો લાભ મેળવવા માટે વિદ્યાર્થીને દ્ગઈ્ દ્વારા સ્મ્મ્જીમાં પ્રવેશ મેળવેલ હોવો જરૂરી છે.

આ યોજનાનો ઉદ્દેશ્ય સ્મ્મ્જીમાં અભ્યાસ કરતી તેજસ્વી વિદ્યાર્થીનીઓને નાણાકીય સહાય પૂરી પાડવાનો છે. પરિણામે, આજે રાજ્યની 'વ્હાઈટ-કોટ' મહિલા વોરિયર્સ સફળતાપૂર્વક તેમના ડોક્ટર બનવાના સપનાંને સાકાર કરી રહી છે. ડોક્ટર બનવાના સપના જોતી દરેક વિદ્યાર્થીનીઓ પ્રોત્સાહિત કરવા રાજ્ય સરકારે ચાલુ વર્ષના બજેટમાં રૂ. ૧૬૦ કરોડની જોગવાઈ કરી છે.

# સરકારી વિનયન અને વાણિજય કોલેજ આહવા ખાતે 'બેંકીંગ ક્ષેત્રમાં કેરીયર' અંગે વર્કશોપ યોજાયો

આહવા:

સરકારી વિનયન અને વાણિજય કોલેજ આહવા દ્વારા રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા, ગુજરાત શાખા તેમજ ઉદિશા અને પ્લેસમેન્ટ વિભાગના સંયુક્ત ઉપક્રમે તારીખ ૧૩ ડિસેમ્બરના રોજ, આહવા કોલેજમાં રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની માહિતી અંગેનો વર્કશોપ, તેમજ મોટીવેશનલ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.



જેમાં રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા, ગુજરાત શાખાના મેનેજર સુ.શ્રી સુજાતાબેન નાયર અને આસિસ્ટન્ટ મેનેજર સુ.શ્રી જયશ્રીબેન ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની વિગતવાર માહિતી આપી હતી. તેમજ રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયામાં નોકરી મેળવવા માટે કઈ પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે, તે વિશેની જાણકારી આપી વિદ્યાર્થીઓને બેંકીંગ સેક્ટરમાં જોડાવા માટે પ્રોત્સાહીત કર્યા હતાં.

કોલેજના વિદ્યાર્થીઓને વર્કશોપમાં બેંકીંગ સેક્ટરમાં કારકીર્દી ઘડવા માટે જરૂરી એવી તમામ માહિતી પુરી પાડવામાં આવી હતી.

આ સમગ્ર કાર્યક્રમ કોલેજના આચાર્યશ્રી ડૉ.યુ.કે.ગાંગુર્ડેના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. કાર્યક્રમનું સમગ્ર સંચાલન ઁઊછઝ કો-ઓર્ડિનેટર ડૉ.દિલીપભાઈ ગાવિત અને ઉદિશા પ્લેસમેન્ટ કમીટી દ્વારા કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં કોલેજના ૮૦ જેટલા વિદ્યાર્થીઓ અને કોલેજ પરિવારના સ્ટાફ મિત્રોએ ભાગ લીધો હતો.




## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ










**NOG SS NO - 191**
વિષય : મન ગમતી રચના
શીર્ષક : પડછાયાં પણ સંતાય છે....
પ્રકાર - પદ્ય શબ્દો : ૧૪૦

અંતરમનની લાગણીઓ જુવો ને કેવી કેવી ઘવાય છે,
જેના ચરણો માં ફૂલો વેર્યા હોય એજ કચડી જાય છે.

માનવી તો સ્વાર્થી પ્રાણી છે સહુ કોઈ જાણે છે એતો,
પંખી પણ માળા બદલી નાખે છે જ્યારે વૃક્ષ સુકાય છે.

સહુ કોઈ સાથ દે છે, સૂર્ય જ્યારે મધ્યાહને હોય ત્યારે,
ને એ અસ્તાચળે હોય છે ત્યારે, પડછાયા પણ સંતાય છે.

આજે વસંત છે તો કાલે પાનખર પણ આવશે આંગણે,
ક્રમ છે આ કુદરતનો એમાં ક્યાં કદીય મીનમેખ થાય છે.

દશકો હોય ત્યારે દુશ્મનો પણ હાથ લંબાવે છે દોસ્તી માટે,
જ્યારે પડતી આવે ત્યારે પોતાના,વસ્ત્રો પણ વેરી થાય છે.

કાયમ એક સરખા દિવસો જશે એવું કદી તમે ધારશો નહી,
સંજોગો ઉલ્ટા હોય ત્યારે શિયાળે પણ ઉના વાયરા વાય છે.

એક તૂટતો તારો કોને કહે વ્યથા ને વેદના પોતાના અધપતનની,
"મિત્ર"પોતાના જાકારો દે,ત્યારે જમીનમાં પણ ક્યાં સંઘરાય છે.

વિનોદ સોલંકી " મિત્ર " લખતર.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO:345**
વિષયઃમનપસંદ રચના
શીર્ષકઃ રાધા
પ્રકારઃપદ્ય - શબ્દોઃ ૧૪૭

આંખલડી ભીંજાણી મારી, આંખડી ભીંજાણી,
યાદ મને તારી આવી સાયબા યાદ તારી આવી.

તારા મનડે મોહ મોહ્યાં સાયબા દિલડે હું છવાણી,
વાગ્યા પ્રીતના ઘા તારા કાળજે સાયબા યાદ મારી આવી.

મારી આંખના આંસુ વરસ્યા સાયબા જોવાય ના તારાથી,
હૈંડે વેદના વરસી સાયબા તારી પાંપણ ભીંજાણી.

તારો પ્રેમ ગઈ હું જાણી સાયબા બની હું તારી દીવાની,
તે લીધી સંભાળ મારી સાયબા મારું મુખડુ જોઈ તું રાજી.

તારા મીઠા બોલ સાંભળી સાયબા મારી આંખ ભીંજાણી,
ડૂમો ભરાય મારા ગળે સાયબા મારી આંખ છલકાણી.

તારો પ્રેમ હું પામી સાયબા લાખેણી પ્રેમમાં રંગાણી,
મારી આંખમાં આંસુ વરસ્યા સાયબા તારા પ્રેમમાં મસ્તાની.

મારા હોઠ પર તારું નામ સાયબા તારી બાહોંમાં ઘેરાણી,
દીધો હાથ તે મારા માથે સાયબા ખુશી અનંતની હું પામી.

તું મારો શ્યામને હું તારી રાધા,જગમાં પ્રેમ અમર પામી,
લેવાય રાધેશ્યામ નામ મારા વ્હાલા આંખલડી ભીંજાણી.

હંસા ઝાલા."લાગણી" સુરત

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO: 375**
વિષય : મનગમતી રચના
શીર્ષક : પ્રયત્નો માત્ર
પ્રકાર : પદ્ય શબ્દો :૧૧૫

કરમાતી ગુલાબની પાંદડીઓને,
સાચવવાના પ્રયત્નો કરું છું ,
મુઠ્ઠીમાંથી રેત સરકી રહી છે,
એને જકડવાના પ્રયત્નો કરું છું.

મિત્રો હવે મોટાં થઈ ગયા છે ,
બીજા મોટાંઓ હવે મિત્ર થતાં નથી ,
તેથી જ તો હું મારી જાત સાથે,
મૈત્રી બાંધવાના પ્રયત્નો કરું છું .

સુખનાં છાંયડાં ઝૂંટવાયાનું અનુભવાય છે,
પણ દુઃખનાં તડકાં પણ ક્રુર રીતે સાલતા નથી,
તેથી જ તો આ વચલી પરિસ્થિતિને,
સમજવાના પ્રયત્નો કરું છું.

મારાવડે ઘડાયેલી આશાઓ પણ હજી સંતોષાઈ નથી,
મને મળેલો આનંદ પણ ચહેરા પર ખીલ્યો નથી,
તેથી જ તો આંસુઓથી ગ્લાનિના ભાવો,
ધોવાના પ્રયત્નો કરું છું.

વીતેલા સમયનો અફસોસ જરૂર થાય છે,
આગળ વધવાની તૃષ્ણા પણ તરસી છે,
તેથી જ તો હું આજને આજની દષ્ટિએ,
જોવાના પ્રયત્નો કરું છું .
——જાગૃતિ દોશી,અમેરિકા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NGOSS NO. 209**
વિષય- સર્જકની મનગમતી રચનાં
શિર્ષક-મન મૂકીને જીવવું ગમે. શબ્દો- ૮૪
પ્રકાર- પદ્ય અછાંદસ

જિંદગી છે જીવવાં જેવી,મન મૂકીને જીવી લો
બોજા લઈને ના ફરો,બસ મનમૂકીને જીવી લો

જુઓ જ્યાં નજર કરી,કુદરતનો ખજાનો ભર્યો
નદી,ઝરણાં,ઉડતાં પંખી,હરિયાળા આ વૃક્ષો

મન મોહક,સંગીત,ખળખળ ઝરણાંમાં મળતું
પંખીઓનો મીઠો કલરવ,મન મારું નાચી ઉઠતું

રહેવું પ્રકૃતિની ગોદમાં,તનમન નાચે આનંદમાં
પ્રકૃતિનો અખૂટ ખજાનો,રાખે સદા નિજાનંદમાં

'સ્વધા'ને મન મૂકીને જીવવું ગમે,ખુશ રહેવું ગમે
બે દિવસની જિંદગી,નથી વેડફવાં જેવી,મનભરીને માણી લે.

સુધાજે.પુરોહિત,'સ્વધા'હોનોલુલુ હવાઈ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No.-160**
વિષય : મનગમતી રચના
શીર્ષક : એ ખ્યાલ મજાનો હોય
પ્રકાર : પદ્ય ; શબ્દો : ૭૦

એ ખ્યાલ મજાનો હોય,
માથે 'મા'નો હાથ મજાનો હોય.

આભ મોકલું 'ને સમી સાંજ થાય,
એ વાવડ મજાનો હોય.

આંખે મીઠી વાત રચું 'ને ગુલાબી ગાલ થાય,
એ ગુલાલ મજાનો હોય.

પ્રેમ બોલું 'ને વસંત પ્રસરી જાય,
એ લીલેરો મારગ મજાનો હોય.

ફૂંક મારું 'ને મધુકર ગતિમાન થાય,
એ સૌરભ મજાની હોય.

સ્પૃહા સ્ફૂરે 'ને સુરભિ પ્રગટ થાય,
એ આશિષ મજાના હોય.

આંગણી ચીધું 'ને સ્મિત રેલાય,
એ નજારો મજાનો હોય.

- રશ્મિકા અમીન 'રશ્મિ'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO: 229**
વિષય સર્જકની મનગમતી રચના
શીર્ષક : દિવાળી પર્વની અનેરી આશાઓ
પ્રકાર : પદ્ય શબ્દોઃ ૧૧૭

દિવાળી એ ખુશી ઉમંગ ઉભરે મનગમતી મહેફીલો સ્નેહે સજતી,હર કોઈ આંગણે રંગોળી પૂરતાં પ્રગટે દીવડા રંગ રોશનીઓ થાતી,

જુના અબોલા વાંધો ને વચકા નવીન વર્ષે સર્વે ભુલાવતાં ,એક-એક ને ઘેર જઈને,સ્નેહમિલન કરી મુખડા મલકાવતાં,

અવનવી વાનગીઓ ઘેર ઘેર બનતી, રાત પડે ને ફટાકડા ફોડતાં,કુટુંબીજનો સૌ ઉજાણી કરતાં ,અધિક આનંદે મોજ મનાવતાં,

દિવાળી તહેવારોનો રાજા કહેવાતો,દેશ પરદેશે સૌ પ્રેમે ઉજવતાં,આશાઓ કેરાં સતરંગી તોરણો હરેક ઘરનાં ટોડલીએ બંધાતાં,

નવીન પરિધાનો અંગે સૌ ઓઢીને પિકનિક ઉપર કે ફરવા નીકળતાં, સ્નેહી સંબંધીને સગાવાળા ને ઘેર સાલ મુબારક પ્રેમે કહેવાને જાતાં,

કહે "પ્રપાશી"રૂડી નવ વર્ષ પ્રભાતે હૈયામાં હેત કેરાસાગર ઉભરાતાં,સતરંગી તોરણો પ્રગતિની આશા સંઘ ઘર ઘર માં શમણાઓ રંગીન સજાવતાં...!
" પ્રપાશી" પરેશ મ. પાઠક

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No.201**
વિષયઃ મનપસંદ રચના
શીર્ષકઃ ઝંખના છે મારી
પ્રકાર : પદ્ય શબ્દો : ૯૨

કદમ મિલાવું સમય સંગાથે ઝંખના છે મારી,
નૈતિકતાનાં મૂલ્યો જળવાય ઝંખના છે મારી.

અતિ મૂલ્યવાન દેહ મળે માનવીનો જાણીને,
અટલ ઊંચાઈને આંબવાની ઝંખના છે મારી.

મનથી મક્કમ બની એક નવી જ કેડી કંડારી,
શ્રેષ્ઠતાનો માર્ગ અપનાવું એ ઝંખના છે મારી.

આત્મ-નિર્ભરતાનાં પંથે સહુ સ્વાવલંબી બને,
દેશમાંથી ગરીબી મટે તીવ્ર ઝંખના છે મારી.

માતૃભૂમિનાં રક્ષણ કાજે તત્પર રહે શૂરવીરો,
વીરપુત્રોથી ધમધમે ધરા એવી ઝંખના છે મારી.

માતૃભૂમિનું ઋણ જો ચૂકવી શકાતું હોય કદી,
સઘળે જ્ઞાનનાં દીપો પ્રગટાવું ઝંખના છે મારી.

પૃથ્વી પર રહસ્યો ઘણાં અકબંધ પડયાં તોયે,
બ્રહ્માંડનાં રહસ્યો જાણવાની ઝંખના છે મારી.

?? પૂર્વી સુનીલ પટેલ. "ઈશાની "

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No.: 177**
વિષયઃ મન પસંદ
શીર્ષકઃ તારા ગયા પછી...
પ્રકારઃ પદ્ય. શબ્દો : ૬૮

સાંજ ઉદાસ થઈ ગઈ તારા ગયા પછી,
યાદોમાં રાત વીતી ગઈ તારા ગયા પછી.

અધૂરી રહી કવિતા તારા ગયા પછી,
શબ્દો ગયા રિસાઈ તારા ગયા પછી.

હુ મારી પણ ના રહી તારા ગયા પછી,
ઓળખાણ ગઈ ભુલાઈ તારા ગયા પછી.

કલમને પણ વેર થઈ ગયું કાગળ સાથે,
સ્યાહી પણ ગઈ સુકાઈ તારા ગયા પછી.

વિતાવી રહી છું જીવન લાશની જેમ,
શ્વાસ લેવાનું ચૂકી ગઈ "રાધા" તારા ગયા પછી.

નેહા મયુર "રાધા"અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO: 106**
વિષય : મનગમતી રચના
શીર્ષક : "આજ"
પ્રકારઃપદ્ય - શબ્દો :૧૧૦

સમય કરે સમયનું કામ.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
સાહિત્ય સરિતા-
આયોજક : પ્રદીપ રાવલ

સમય બદલાય
સમય પરખાય?
સમય વર્તાય!
સમય દોડે?
ચલતીકા નામ ગાડી?
નહિ,નહિ સમય કરે,
સમયનું કામ.
કરીએ કામ,
તો મેળવીએ દામ!
સમય વર્ત્યે સાવધાન.
ઓહ!આજ આવે જ નહિ
ગઈ તે
આભાર - નિહારીકા રવિયા ગઈ!
હાથમાં આવે જ નહિ.
લીધું લાકડું,કીધું મેરાઈયું!
ગમતાનો ગુલાલ કરી?
ગમાણમાંથી ગોતવા જઈ.
ભૂલભૂલમાં જાતી ભૂલાઈ,
કપરા કાળમાં કરતી કટાઈ!
બહુ રાખોતો જાતી હવાઈ!
ઊકળતી જાણે હલાવતો હલવાઈ
ભણતર આજે ભાથું ભરતું?
અનુભવના અંકોથી રમતું.
ચલતીકા નામ ગાડી! આવે ત્યારે દે ધનાધન.
ઓહ!આજ આવે જ નહિ.
ગઈ તે ગઈ?
સમય કરે સમયનું કામ?
મુક્તિદા કુમાર

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No. 152**
વિષય : મન પસંદ
શીર્ષક : આ તો ભવાઈ છે..
પ્રકાર : પદ્ય ગઝલ શબ્દો : ૮૯

કરમના ટાંકણે જીવન મૂરત સૌની ઘડાઈ છે.
પછી આંસુ, ખુશીની જીંદગીમાં ક્યાં નવાઈ છે!

મળ્યું જે પાત્ર જીવનમાં, ભજવશું પ્રેમથી એને,
સમય સાથે યુગોથી ચાલતી આ તો ભવાઈ છે.

હતાં ના રાજ કે દોલત, વળી મોભ્ભો નથી મોટો,
છતાં પાસે અમારી વેંત ઊંચી માણસાઈ છે.

પડે ના દાગ જીવતરમાં ભલે કંગાળ જીવન હો,
અમારી આબરૂ તો જીવ કરતાં પણ સવાઈ છે.

મળે ના કોઈ દિલથી કે, કરે છે વાત ક્યાં મનની,
હૃદય ખૂલ્લું મૂકી ક્યાંયે, ઘડીભર ના મળાઈ છે!

કરો નુકશાન સજજનનું, છતાંયે મૌન એ રહીને,
પ્રહારોને ખમી હસતાં, કરે જગમાં ભલાઈ છે.

સમજવા દર્દ દુઃખીના નથી કૈં 'શ્યામ' સ્હેલું પણ,
પરમની જો કૃપા પામો, પછી સઘળું કળાઈ છે.

શ્દિલીપ ધોળકિયા "શ્યામ"જૂનાગઢ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**★NOG SS NO: 376***
વિષયઃ મારી મનગમતી રચના★
શીર્ષકઃ ધ્યાન પ્રકારઃ ગદ્ય. શબ્દોઃ ૨૦૦

ધ્યાન એટલે સમર્પણની ભાવના. ધ્યાન એટલે અંતરની શોધ. ધ્યાન કરવાથી આત્મબળ મજબૂત બને છે. ધ્યાન એટલે શારીરીક અને માનસિક મર્યાદાઓની પર જવું તે. દરરોજ દિવસમાં ૧૫ થી ૩૦ મિનિટ જેટલું ધ્યાન કરવું ખૂબ જ જરૂરી છે. ધ્યાન કરવાથી મન શાંત રહે છે. શરીરમાં પ્રાણ શક્તિનો સંચાર થાય છે અને તેથી માણસમાં આનંદ, ઉત્સાહ અને શાંતિ જોવા મળે છે.

એ સિવાય રોગપ્રતિકારક શક્તિ વધે છે, અનિંદ્રાની સમસ્યા દૂર થાય છે, ગુસ્સો ઓછો આવે છે, સ્નાયુઓ ને સાંધાની તકલીફમાં ફરક જોવા મળે છે તેમજ વ્યક્તિમાં સકારાત્મકતા જોવા મળે છે. તેથી ધ્યાન કરનાર વ્યક્તિમાં હકારાત્મક વલણ જોવા મળે છે ને સાથે સાથે સર્જનાત્મક શક્તિનો પણ વિકાસ થાય છે.

સામાન્ય રીતે, ઓછી અપેક્ષાઓ, સારા સંબંધો અને હકારાત્મક દ્રષ્ટિકોણ રાખવાથી ધ્યાન જલ્દી કેન્દ્રિત થાય છે. પરંતુ, માણસ પોતાના સ્વભાવને લીધે દુઃખી છે. આજના આ હરીફાઈના યુગમાં દેખાદેખી વધી ગઈ હોવાથી માણસની જરૂરિયાતો વધી છે અને માણસ અસંતોષી થઈ ગયો છે તેથી તે પોતાના મનને સ્થિર કરી શકતો નથી. તેથી જ ધ્યાન કરવું ખૂબ જ જરૂરી છે.

આપણે પણ આપણા રોજિંદા જીવનમાંથી થોડો સમય કાઢીને ચિંતા અને તણાવથી દૂર રહીને શરીરને ઊર્જાવાન બનાવી તથા શાંતિનો અનુભવ કરીએ.

ઓમ શાંતિ
અપેક્ષા શાહ ..અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG # 230**
વિષય : મનગમતી રચના
શીર્ષક : સપનું જોઈએ
પ્રકાર : પદ્ય શબ્દો : ૧૦૫
જીવવાને એક સપનું જોઈએ.
એ જ સપનાં કાજ લડવું જોઈએ.
હોય છે પીડા ઘણી આ પ્રેમમાં,
સૌ એ તો પણ એમાં પડવું જોઈએ.
છો પહોંચી જાય ઊંચાઈ ઉપર,
પણ ખુદાને રોજ નમવું જોઈએ.
સુખ હજારો હોય તારી આસપાસ,
આંખથી આંસું ય દડવું જોઇએ.
યાદ તારી સાચવીને રાખું છું,
ડૂબતાંને એક તરણું જોઈએ.
વેદના સર્વત્ર છે દુનિયામાં અહી,
તોય બાળક જેમ હસવું જોઈએ.
એક સ્મિત દુઃખીને આપી તો જુઓ,
આ મફતનું કામ કરવું જોઈએ.
છો રહે 'સપનાં'મહેલમાં છતાં,
એક સપનું નોખું તરવું જોઈએ.
બે નયયમાં લાખ સપના ગ્યાં સજી,
એક તો સાચું ય પડવું જોઈએ.
સપના વિજાપુરા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS NO - 365***
★વિષય - મારી મન ગમતી રચના★
★શીર્ષક - તો લખવું જોઈએ★
★પ્રકાર - પદ્ય★ ★શબ્દો - ૯૨★

?કાળજામાં ઘા લાગે તો લખવું જોઈએ
ખાલીપો ખીજવવા લાગે તો લખવું જોઈએ

લખવા માટે શબ્દો કાંઈ શોધવાથી ના મળે,
જો અંતરથી અવતરે તો લખવું જોઈએ

આમ તો વ્યક્ત થાય નહીં હૈયાની લાગણી,
કોઈ લખવા માટે પ્રેરે તો લખવું જોઈએ

તુજ પ્રેમની વાતો લોકો વાંચીને ભૂલી જશે,
તને ખુદા નવું લખાવે તો લખવું જોઈએ

જે ક્ષણે હૈયાની વાત હોઠમાં ના લાવી શકો,
હાથમાં લેખિની ઉગે તો લખવું જોઈએ

વાચા અને વાણી સીમિત બનતા લાગે પછી,
સંબંધોની સાંકળ તૂટે તો લખવું જોઈએ

ક્યારેક શબ્દોથી પણ રાહત મળી શકે
"ભવ્ય" ઔષધ કરે તો લખવું જોઈએ

ભવદીપ વાઘેલા "ભવ્ય" (રાજકોટ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO - 0050**
વિષય - મારી મન ગમતી રચનાં
વિષય - ખોવાયું છે શમણું
પ્રકાર - પદ્ય, શબ્દો - ૯૬
.......................................
ખોવાયું છે શમણું મારું
કોઈ ગોતી આપોને ,
આવી આવીને શમણું સરી ગયું ,
એક પલકારમાં ખરી પડ્યું , યાદોમાં મહેકયુ ઉપવનમાં..!

મન , દલડાંને મહેકતું કરી ગયી, વિરહમાં છે વ્યાકુળ આતો,
દિલ મારું હરિ ગયું જુઓને, મારા શ્વાસોમાં તારો શ્વાસ આપ્યો...!

સ્પર્શ વિના આલિંગન આપ્યું, મારા નયનોમાં નયન મિલાવી વાતો કરી ગયું ,
પ્રેમનું સરનામું આપી ગયું ,
મારા ખિસ્સામાં નાનું ખિસ્સુંને આંખોમાં શમણું પ્યારું...!

ભીતરે મલકાતું સ્મિત છાનુમાનુ ,
અહેસાસનું મધુર નજરાણું તું છે ,
હર ક્ષણ ભરપુર અહલાદક બહાનું શોધે ,
મને કહે મારે નહીં મળવાનું...!

પ્રણયનો મરમ જીવવામાં જોવાં મળે ,
તારા ગાલોના ખંજન આંખોથી ઝાંખું હું,
સતત તારી આંખોમાં ફરતી હું પળપળ જોને,
શમણું તને પામવાની અદમ્ય એષણા મને..!

રાગિની શુક્લ "રાગ" મુંબઈ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO: 372**
વિષય : મનગમતી રચના.
શીર્ષક : મા તારા પાલવ વિના
પ્રકાર : પદ્ય શબ્દો : ૭૧
સાગર ઓલે પારની
અફાટ સમૃદ્ધિ
વચ્ચે બેઠો કંગાળ
મા, એક તારા પાલવ વિના!

સાઈરન મારતી ગાડીઓ
સિપાઈઓની સલામી
પ્રજાની તાળીઓના ગળગળાટ
લાગે સુના. મા, એક તારા પાલવ વિના!

આજે પણ બસ એ જ
રમતના મેદાન જેવો થાક છે
મા... જિંદગીની દોડમાં
ક્યાંથી લઉં એ હૂંફ? મા એક તારા પાલવ વિના!

તું નથી મા
ને, તારી સાડીનો એ પાલવેય,
કાશ! ક્યાંય સંતાડ્યો નથી.
ક્યાંથી લઉં એ ટાઢક? મા એક તારા પાલવ વિના!

સંજય બી. મહેતા "પરિમલ"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 223**
વિષય :- મનગમતી રચના
શીર્ષક :- આવો અને આવજો
પ્રકાર :- પદ્ય શબ્દ :- ૧૧૪

આ આવો અને આવજો ની વચ્ચે કોં' દ્વાર હશે?
આ મળવું એ સાવ અકસ્માત કે ઋણાનુબંધ હશે?

મારા નામની આસપાસ એક વર્તુળ દોરીને,
સંબંધોની રેખાઓ જોડીને પછી ચાલ્યા જવાનું હશે?

આવતીકાલે કદાચ હું ન પણ હોઉં ત્યારે...
તારી પાસે આવીશ કિરણ બનીને, પ્રકાશને ઓળખશો?

કાલે વહેતી હવામાં એક સુગંધ હશે, આસમાને પંખી હશે;
અંધારી રાતે ખુલ્લા આસમાને એક તારો ઓળખી જવાશે?

બાળકોના ખિલખિલાટે, વૃદ્ધાની આંખે છબી મારી દેખાશે?
ક્યાંક કોઈ કાવ્ય, ગીત, સંગીતે આહટ સંભળાશે?

મેઘ ગર્જના, વીજળીના ચમકારે, મારી યાદો વરસી જાશે;
ઝાલર ટાણે, નિજ મંદિરે તારો અંતરદીપ પણ ઝળહળ થાશે.

નામ : દેવેન્દ્ર આચાર્ય

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**★NOGSS No. : 0141***
★વિષયઃ "મનપસંદ રચના"★
★શીર્ષકઃ "ત્યાં તો કેવું!"★
★પ્રકારઃ હાસ્ય કવિતા★ ★શબ્દો : ૧૦૭★

મજાનો ચોરણો, પહેરી ઊભા રહ્યા, હો ભરસભામાં,
ને આવે, બે એક સખત, છીંક; તૂટે નાડું, ત્યાં તો કેવું!

સમીરનો, સાથ લઈને, ચગ્યા પતંગ, ખુલ્લા ગગનમાં;
ને દીધી, હો ઢીલ ભરદોર, કો' પડે આડું, ત્યાં તો કેવું!

ભરેલ, ભાણું, ભરચક, દાળ ભાત,
આભાર - નિહારીકા રવિયા ફરસાણ ને મેવા;
ને લાગે, ધક્કો ભૂખ્યા કો'નો, લેતાં લાડું, ત્યાં તો કેવું!

પીતા હો ફૂંકી, ફૂંકીને, ચા ગરમ કપથી, લૈ રકાબીમાં;
ને ધ્રુજાવે, હાથ જાણી જોઈ, કોઈ બાડું ત્યાં તો કેવું!

લઈ પીંછી, થઈને સ્થિર, રંગ ભરતા હો, જે ચિત્રમાં;
ને નીખર્યા, હો કેનવાસ; કોઈ મારે ઝાડું, ત્યાં તો કેવું!

રસિકભાઈ વ પરમાર "રવ"★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No : 0110**
વિષય- મનગમતી રચના
શીર્ષક-''વૃધ્ધત્વ શ્રાપ કે વરદાન''
પ્રકાર-ગદ્ય શબ્દ- ૩૪૭

વૃદ્ધત્વ એ દરેક મનુષ્યના જીવનનું એક અમિટ સત્ય છે. જેમ બાળપણ, તરુણાવસ્થા, યૌવન, પ્રૌઢાવસ્થા અને વૃદ્ધાવસ્થા જીવનની જુદા જુદા તબક્કાઓની વાસ્તવિકતા છે, જેમાંથી દરેક વ્યક્તિ મહદ્અંશે પસાર થાય જ છે. આ પાંચે અવસ્થાઓમાંથી વૃદ્ધાવસ્થા એક એવી અવસ્થા છે જે મનુષ્યની વિચાર શૈલી અને જીવન જીવવાના અપનાવેલા અભિગમ ઉપર આધારિત રહે છે કે તે પોતાના વૃદ્ધત્વને શ્રાપ બનાવે છે કે વરદાન?

ઘણી વ્યક્તિઓ વૃદ્ધત્વથી ડરતી હોય છે અને તેમાં પીડાનો અનુભવ કરે છે. આના મુખ્ય કારણોમાં અયોગ્ય અથવા ખામીયુક્ત સ્વાસ્થ્ય, અપૂરતી આવક અને આર્થિક અસલામતી, ઘરમાં માન-સન્માનનો અભાવ અને પોતાની ઉપેક્ષાનો ડર સતત તેમને સતાવતો રહે છે. આવા કિસ્સાઓમાં માણસ જીવન જીવવાનો રસ ગુમાવી દે છે અને વૃદ્ધત્વને શ્રાપરૂપ ગણવા લાગે છે. વાસ્તવમાં થોડીક તકેદારી અને જીવન જીવવાની પદ્ધતિઓ બદલવાથી તે જ વૃદ્ધત્વને વરદાનમાં પલટાવી શકાય છે.

આ બધા માટે સૌ પ્રથમ વૃદ્ધત્વની અવસ્થાને સ્વીકારવા અને માણવા તૈયાર રહેવું જોઈએ. તંદુરસ્ત સ્વાસ્થ્ય એ ઉમદા વૃદ્ધત્વ માટેનો પાયો છે. તેનાથી વૃદ્ધાવસ્થામાં તાજગી, સ્ફૂર્તિ અને શારીરિક સ્વતંત્રતા જળવાઈ રહે છે. એની ઉપર સપ્રમાણ આર્થિક સધ્ધરતા નિશ્ચિત થયેલી હોવી જરૂરી છે, જેનાથી પતિ-પત્ની બંનેની આર્થિક સ્વતંત્રતા જળવાઈ રહે છે. આર્થિક પરાધિનતા ટાળવા અને ચિંતારહિત જીવન જીવવા માટે આ મહત્વનું પરિબળ છે. જીવનભરના અનુભવો અને પોતાની શક્તિઓ ઉપર ભરપૂર વિશ્વાસ રાખવો જોઈએ. અધિકાર ભાવનાનો ત્યાગ કરીને ઘરના સભ્યો વચ્ચે સુમેળ સાથે માન-સન્માનથી જીવતાં શીખવું જોઈએ. આનંદીત સ્વભાવ વૃદ્ધત્વને વધુ નિખારે છે.

ઉપરના ગુણોનો સાક્ષાત્કાર કર્યા બાદ વ્યક્તિએ પોતાની જાત સાથે જીવતાં શીખવું જોઈએ. નાની નાની બાબતોમાં અન્ય ઉપર અવલંબન ઓછું કરવું જરૂરી બને છે. જિંદગીભરના મીઠા અને કડવા અનુભવોનું ભાથું બાંધીને જીવનની બાકી સફર તય કરવી જોઈએ. તેના સહારે જરૂર પડે કોઈના સહાયક બનવું પરંતુ ઉપહાસક કદી ન બનવું. પોતાના પૌત્ર-પૌત્રી આદિની કાળજી લેવી અને તેમનામાં સંસ્કાર સિંચન કરવું પરંતુ ક્યારેય સંપૂર્ણ સમયના કેરટેકર અથવા રખેવાળ બનીને ન રહી જવું. પોતાનામાં વસતી વિશિષ્ટ કળાઓ અને આવડતોનું નવેસરથી સંવર્ધન કરીને બહારના જગતને પોતાની પ્રતિભાનો પરિચય આપવો.

આટલું કરવાથી વ્યક્તિનું વૃદ્ધત્વ દીપી ઉઠે છે અને જીવન વરદાનરૂપ લાગે છે. જ્યારે કુંઠીત અવસ્થામાં પીડીત મનોબળ સાથે વ્યતીત થતું વૃદ્ધત્વ શ્રાપરૂપ લાગે છે.

નિખિલ કિનારીવાળા, અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG: NOGSS NO: 0088**
વિષય : મનગમતી રચના
શીર્ષક : સાંજ
પ્રકાર : પદ્ય - શબ્દો : ૭૩

ક્યાંક તો ખોવાવું ગમે જો સાંજ ખીલી છે.
ખોઈને ના ગોતવું ગમે આ સાંજ એવી છે.

ચાંદીની સુરાહીથી રેડાતા શબાબ જેવી કે;
પ્યાલીમાં પીરસેલા કસુંબી શરાબ જેવી છે.

જાય છે ક્યાંક દૂર સુદૂર ક્ષિતિજથી પરે,
યાદો ટોળે વળીને; આપે અણસાર એવી છે.

મારે છે તીર નૈન કટારી, નભેથી સીધાં તાકીને!
આભના ઘુંઘટેથી કેફી સ્મિત આપે કેવી છે.

ત્રાસાં કિરણ એનાં પ્રકાશી મનને કેવું લોભાવે!
હાથથી સરતી ક્ષણને જીવી લેવા જેવી છે.

ડૉ. મનીષા વ્યાસ ..અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**Nog.s.s. no. - 198**
વિષય - મનગમતી રચના
શીર્ષક - નથી હવે
પ્રકાર - પદ્ય શબ્દો - ૯૯

ખોટું પણ સદા હસતી રહું છું રડતી નથી હવે.
જરૂર નથી ત્યાં લાગણીઓ વહાવતી નથી હવે.
જ્યાં હોઉં છું ને ત્યાં ઘણીવાર હોતી નથી હવે.
ખોવાઈ જાવ છું ભૂત-ભવિષ્યના વિચારોમાં હવે.
વર્તમાનમાં જે છે તેમાં રહેવાનું થતું નથી હવે.
આસપાસનું દરેક મતલબી દેખાય છે હવે.
નિસ્વાર્થ સ્નેહની ઈચ્છા ના રાખી કોઈમાં હવે.
મનની વાત મનથી નથી થતી કોઈથી ક્યાંય હવે.
જાતને સમય સાથે જીવતા શીખવાડું છું હવે.
બીજાની ખુશી કરતા ખુદને ગમતું વિચારવું હવે.
પળમાં કોઈ પણ ઉખાડી ફેંકી શકે ગમે તેમ,
તેવા નબળા મૂળિયાં દેખાતા રાખ્યા નથી હવે.

ખ્યાતિ દવે (ભુજ - કચ્છ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO : 169**
વિષય : મનગમતી રચના
શીર્ષક : સોનેરી સવાર
પ્રકાર : પદ્ય શબ્દો -૭૦

આથમતી સંધ્યાને સુંદર સજાવવા,
શોખ મારે કાયમ જીવતા રાખવા છે.

આથમતી સંધ્યાવેળા એ સાથે હળીમળી,
સબંધોને અજવાળે હરખે જીવવું છે.

ઝગમગ તારલાને,વાદલળી સંગે રમવું,
મહામુલું જીવન રૂડું અહીં સજાવવું છે.

સોનેરી સવારની આશાએ આનંદે રહી,
કહેવાય છોને સંધ્યા, મારે સજાવવી છે.

આછા અજવાળે ભાનુની અનેરી શોભા,
જીવનસંધ્યાએ મેઘધનુષ્યના રંગો જોવા છે.
લતાબેન ચૌહાણ 'સોનાવેલ' ગોધરા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No - 171**
વિષય - મનગમતી રચના
શીર્ષક - લાગણી
પ્રકાર- પદ્ય, શબ્દો - ૮૦

જ્યારે કોઈ સંગ લાગણી બંધાય છે,
ત્યારથી જ દુઃખ પહાડના બંધાય છે.

કોઈ વાંચે કે ના વાંચે લાગણીઓ ને,
પછી પીડાઓ તો સ્વયં વંચાય છે.

એમને મળવા તો કેવી રીતે પહોંચું?
જેમનું મન વારેઘડીએ બદલાય છે.

તરંગો તો એમનાં છે મેઘધનુષ જેવા,
અપલક આંખે નિરખું તો અંજાય છે.

વરસશે કદિક વાદળું થઈને હતી આશ,
પણ ક્યાં ખબર એને કે કોઈ પસ્તાય છે.

નંદી શમણાંમા સરજાઈ સઘળી કથા,
પછી ક્યાં કદિયે કોઈ ને કહેવાય છે.

હિંમતનગર. -- ટી.કે.વાઘેલા 'નંદી'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG. SS. No 0098**
વિષયઃ- મનગમતી રચના
પ્રકારઃ- ગદ્ય
શીર્ષકઃ- પરવરીશ માં ચૂક શબ્દો-૩૫૦

પુરુષને લગ્ન થયા પછી જ ખબર પડે છે કે એમની મા એ જરૂરી ચીજ શીખવતા ભૂલી ગઈ છે જે એમને સૌથી પહેલા શીખવાડવી હતી .,આપણી મમ્મી ઉઠતા ,બેસતા ચાલતા, બોલતા, લખતા ,ભણતા પહેરતા ,શિષ્ટતા બધું શીખવાડે છે અને એમની મહેનત પણ કામ આવે છે જ્યારે તમે અફસર, વ્યાપારી શિક્ષક કે અન્ય કંઈક બનીને પગ પર ઊભા થઈ જાવ છો અને પછી સુશીલ કન્યાથી લગ્ન કરીને પતિ-પદ થી સન્માનિત થાવ છો અને પતિ બન્યા બાદ તમને જ્ઞાન મળે કે તમારી મમ્મી થી પરવરીશ માં ક્યાંક ચૂક થઈ છે .

આ જાણવાનો સૌથી પહેલો મોકો સરકારી દૌરાથી શરૂ થાય છે. સરકારી માણસ ત્યારે જ સરકારી હોય જ્યારે એ સરકારના ખર્ચે ટુર કરે લગ્ન પછી જ્યારે ટુર પર જવા માટે બેગ તૈયાર કરી રહ્યા હોય ત્યારે પત્ની મુદિત ભાવથી આદેશિત કરે છે તમે સાઉથમાં જઈ રહ્યા છો તો ત્યાંની સાઉથ સિલ્કની સાડીઓ બહુ જ મશહૂર છે મારા માટે લેતા આવજો આ સાંભળીને હૃદયમાં હલચલ સાથે વિચારમાં પડી જાઉં છું કે હું કેટલી વાર સાડીની દુકાને ચડ્યો છું ? પણ યાદ જ નથી આવતો .પહોંચ્યાં બાદ હિંમત કરો છો અને સાડીની દુકાનમાં પ્રવેશ કરો દુકાને ચઢીને તમને ખબર પડે છે કે સાડીઓ કેટલી બધી જાત ની હોય છે . કાનજીવરમ,કોસા સિલ્ક ,ચંદેરી ,શિફોન.....અને એક વખત તો મમ્મીની યાદ આવી જાય છે .સેલ્સમેન તમને જોઈને જ સમજી જાય છે કે તમે મોટા "એ "છો. ઘરે જઈને ખબર પડે છે કે તમે છેતરાઈને આવ્યા છો તમને લૂંટી લીધા છે તમે બેવકૂક
આભાર - નિહારીકા રવિયા બનીને ગયા છો કે આ કલર તો મારી પાસે છે .આશું ઉઠાવી લાવ્યા? પત્ની બેહિચક આ નતીજા પર પહોંચી જાય છે કે આ માણસ ની પરવરીશ માં ખોટ છે.પુરુષ ચુપચાપ સાંભળે છે .અને મહસૂસ કરે છે કે આ મારી સાથે સાથે મારી મમ્મી ને પણ સમર્પિત છે.

ખરેખર સાડીની ખરીદી કરવી એ પણ એક કલા થી પણ વધારે છે. હા તો મિત્રો કંઈક આવડે કે ના આવડે પણ સાડીની ખરીદી કરવા આવડવું જોઈએ આ અમની મમ્મીને યાદ કરવાનું એક મોકો હોય છે.

હા એવું નથી કે પુરુષ સાડી નથી ખરીદી શકે .ખરીદે છે પણ પત્નીને પસંદ પડે એવી નથી ખરીદી શકતો.
( મિત્રો, પુરુષ વર્ગ ની વ્યથા વ્યક્ત કરી છે. બધા તો નહી,પણ અમુક તો આ વ્યથા થી ચોકકસ પસાર થયા હશો .દુખ થાય તો માફ કરજો.)

લીના શર્મા ...હાલોલ.

# ગાંધીનગર ખાતે મીડિયા કર્મીઓ માટે નિ:શુલ્ક હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો




ગાંધીનગર,૧૬- પ્રધાનમંત્રી નરેદ્રભાઈ મોદીના 'ફિટ ઈંડિયા - ફિટ મીડિયા' વિઝન અંતર્ગત ચોથી જાગીર સ્વસ્થ રહી રાષ્ટ્ર નિર્માણમાં સહયોગ આપે તે માટે રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે. દેશવાસીઓના સ્વાસ્થ્ય માટે સતત ચિંતાશીલ પ્રધાનમંત્રીશ્રી દ્વારા મીડિયાકર્મીઓ માટે હેલ્થ ચેકઅપ દ્વારા તેઓ ફિટ રહે અને કોઈ આરોગ્ય સંલગ્ન ઈશ્યુ જણાય તો સત્વરે સારવાર કરાવી શકાય તે દૂરંદેશીથી પત્રકાર ભાઈઓ બહેનો માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં વિવિધ જિલ્લાઓમાં હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ત્યારે ગાંધીનગર સર્કિટ હાઉસ ખાતે તા.૧૬-ડિસેમ્બરના રોજ મીડિયા કર્મીઓ માટે રેડક્રોસના સહયોગથી હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો હતો. જેમાં પ્રિન્ટ તેમજ ઈલેક્ટ્રોનિક મીડિયાના મિત્રોએ બહોળી સંખ્યામાં લાભ લીધો હતો.ગાંધીનગર રેડક્રોસ સોસાયટીની ટીમ દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. અહીં જુદા-જુદા પ્રકારના બ્લડ રિપોર્ટ, એક્સ-રે, ઈ.સી.જી. સહીતના રિપોર્ટ જરૂરિયાત મુજબ કરવામાં આવ્યા હતાં. જિલ્લા માહિતી કચેરી, ગાંધીનગર ના સંયુક્ત માહિતી નિયામક શ્રી જયેશ દવે, અમદાવાદ નાયબ માહિતી નિયામક શ્રી હિંમાશુ ઉપાધ્યાય, ગાંધીનગર નાયબ માહિતી નિયામક શ્રી પારુલ મણિયાર કેમ્પના સ્થળે રૂબરૂ હાજર રહી જિલ્લાના કોઈ મીડિયાકર્મી આ તકે હેલ્થ કરાવવાનું ચુકે નહી તેની તકેદારી રાખી હતી. પરિણામે કેમ્પમાં ૮૮ જેટલા પત્રકાર ભાઈઓ, બહેનોના રિપોર્ટ્સ કરવામાં આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, તમામ પત્રકારોના કરાયેલા રિપોર્ટ્સની સોફ્ટ કોપી તેમને વોટ્સએપ નંબર પર મળી જશે, જ્યારે પ્રિન્ટ કોપી એક સપ્તાહમાં જિલ્લા માહિતી કચેરી, ગાંધીનગર ખાતેથી ઉપલબ્ધ બનશે. 'ફિટ ઈંડિયા - ફિટ મીડિયા' વિઝન અંતર્ગત યોજાયેલા આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લા રેડક્રોસ સોસાયટીના ચેરમેનશ્રી જીલુભા ધાંધલ ,વાઈસ ચેરમેન શ્રી પ્રદિપ ગગલાણી,સેક્રેટરીશ્રી કુંતલ નિમાવત,સમાજ સેવકશ્રી નિલેન્દુ વોરા તથા, રાજ્ય કક્ષાએથી સેવા આપનાર રેડક્રોસ સોસાયટીની ટીમના સભ્યો રેખાબેન ચાવડા,રાજપાલ ઝાલા,સુરેશ ચાવડા,જીગર ઠાકોર,અમિત પટેલ, જીતુભાઈ સુખડીયા સહિતની ટીમ દ્વારા પત્રકારો માટે રજીસ્ટ્રેશનથી રિપોર્ટ સુધી સહયોગ તેમજ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# અનધિકૃત ઢોરવાડા સામે ગાંધીનગર મહાનગરપાલિકાની કડક કાર્યવાહી : સેક્ટર ૧૬ ખાતેથી ૩ ઢોરવાડા હટાવાયા




ગાંધીનગર શહેરમાં સરકારી જમીન પર અનધિકૃત રીતે ઊભા કરવામાં આવેલ ઢોરવાડા સામે ગાંધીનગર મહાનગરપાલિકાની ઝઙ્ઘઝ્ઢ શાખા અને દબાણ શાખા દ્વારા કડક કાર્યવાહી સતત કરવામાં આવી રહેલ છે. જે સંદર્ભે આજરોજ ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સે-૧૬ ખાતે સ્વામી વિવેકાનંદ યુથ હોસ્ટેલની પાછળ સરકારી માલિકીની જગ્યામાં અનધિકૃત ઢોરવાડા હટાવવાની કામગીરી કરવામાં આવી. આ કામગીરી દરમિયાન ગાંધીનગર મહાનગરપાલિકાના ડે. કમિશનરશ્રી જે.એમ. ભોરણીયાએ સ્થળ પર પોતે હાજર રહી સમગ્ર કાર્યવાહીનું નિરીક્ષણ કર્યું હતું. જેમાં ૦૩ ઢોરવાડા હટાવવામાં આવેલ. હટાવવામાં આવેલા ઢોરવાડામાંથી કુલ ૧૪ પશુઓને પકડવામાં આવ્યા હતા. શહેરમાં સરકારી જમીન પર અનધિકૃત બાંધકામો અને ઢોરવાડાઓ દૂર કરવા મહાનગરપાલિકા દ્વારા સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આગામી દિવસોમાં પણ આવા દબાણો સામે કાર્યવાહી વધુ મજબૂત કરવામાં આવશે. મહાનગરપાલિકા દ્વારા શહેરના તમામ વિસ્તારોમાં સર્વે ચાલી રહ્યો છે, જે અંતર્ગત અનધિકૃત ઢોરવાડાઓ અને દબાણો હટાવવાના પગલાં લેવામાં આવશે.


# રૂ.૧૦૧ ટોકનમાં ૨૦ પાટીદાર કન્યાઓના સમૂહ લગ્ન યોજી દરેકને એક લાખનું બચતપત્ર આપ્યું

પાલનપુરમાં શ્રીલક્ષ્મીપુરા કડવા પાટીદાર સામાજિક સેવા ટ્રસ્ટ દ્વારા લક્ષ્મીપુરા ગામમાં આવેલી સમૂહ લગ્ન વાડી ખાતે ૨૫મો સમૂહ લગ્નોત્સવ યોજાયો હતો. જેમાં સુખી સંપન્ન પરિવારો હોવા છતાં માત્ર ૧૦૧ રૂપિયા ટોકનમાં ૨૦ નવદંપતીઓ લગ્નગ્રંથીથી જોડાઇ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા. પ્રત્યેક દીકરીઓને ૧ લાખની રસીદ અપાઈ હતી.પાલનપુર તાલુકાના લક્ષ્મીપુરા ગામમાં કડવા પાટીદાર સમાજ વસે છે. ૨૫ વર્ષ પૂર્વે ગામમાં સાદગીપૂર્વક સમૂહલગ્ન થાય અને બચેલા પૈસા માત્ર શૈક્ષણિક હેતુ પાછળ વપરાય તેવા શુદ્ધ આશયથી શરૂ થયેલા લગ્ન પ્રસંગ સમારોહ બાદ આજે



પરિણામ એ આવ્યું કે પાલનપુર તાલુકાના સૌથી સુખી ગામમાં લક્ષ્મીપુરા ગામનો પણ સમાવેશ થાય છે. આ ગામના કડવા પાટીદારોએ વેપાર ઉદ્યોગ સહિત અનેક ક્ષેત્રમાં કાઠું કાઢ્યું છે. સમૂહ લગ્ન સમિતિના પ્રમુખ અને અગ્રણી ઉદ્યોગપતિ ગીરીશભાઈ જગાણીયાએ જણાવ્યું કે મારા બંને દીકરાઓ આજે સમૂહ લગ્નમાં પરણી રહ્યા છે. પાટીદાર સામાજિક સેવા ટ્રસ્ટ છેલ્લા ૨૪ વર્ષથી સમૂહ લગ્નોત્સવ યોજે છે.આ સમૂહ લગ્નમાં જરૂરિયાતમંદ અને મધ્યમ વર્ગ ના પરિવારોની દીકરી ઓને ટોકન રૂપે માત્ર રૂ.૧૦૧ લઈને લગ્ન કરાવવામાં આવ્યા છે. જેથી આવા પરિવારોના લગ્નના નામે થતા ખોટા ખર્ચ બચે છે. ૨૫ વર્ષ પૂર્વે અમારા સમાજે અન્ય સમાજોને સમુહ લગ્ન ઉત્સવ કરવા માટે પ્રેરણા પણ આપી હતી.પાટીદાર સમાજના જુદા જુદા અગ્રણીઓએ સમૂહ લગ્નનો અવસર બાદ પોત પોતાની વ્યવસ્થા અનુસાર રિસેપ્શનના આયોજન કર્યા છે. કેટલાક પાટીદારો ફાર્મ હાઉસમાં જ રહે છે

## અમદાવાદ સેમિકન્ડક્ટર ડિઝાઇન, ફેબ્રિકેશન અને ટેસ્ટિંગ પર એશિયન ટેસ્ટ સિમ્પોઝિયમ ૨૦૨૪ નું આયોજન કરશે



ભારત, યુએસએ, જર્મની, જાપાન, ફ્રાન્સ, સિંગાપોર અને તાઈવાનના ૨૦૦ થી વધુ સહભાગીઓ અમદાવાદમાં છ્જી-૨૦૨૪ સાથે સેમિકન્ડક્ટર ડિઝાઈન અને પરીક્ષણમાં પ્રગતિની કરશે. તેની સાથેં છજી ઓફિસર સુશ્રી મોના ખંધાર અને શ્રી મનીષ ગુરવાણી આ કાર્યક્રમમાં ગુજરાત સેમિકન્ડક્ટર મિશનનું પ્રતિનિધિત્વ કરશે.

# વડોદરામાં ગેરકાયદે દબાણો અને પાણી કનેક્શન કાપવા જતા કોર્પોરેશન અને સ્થાનિક રહીશો વચ્ચે ઘર્ષણ

વડોદરા શહેરના ઉત્તર વિભાગમાં વોર્ડ નં. ૭માં કેટલીક સોસાયટીઓના આંતરિક રસ્તે થયેલા ઓટલા અને કમ્પાઉન્ડ બોલના ગેરકાયદે દબાણોનો સફાયો કરીને દબાણ શાખાએ તરસાલી શાક માર્કેટ વિસ્તાર અને મણીનગર સોસાયટી આસપાસના ગેરકાયદે પાણીના કેટલાક કનેક્શન કાપી નાખતા સ્થાનિક રહીશો સાથે તું તું મેં મેં થવા સહિત ઘર્ષણના પણ દ્રશ્યો સર્જાયા હતા. જોકે સ્થાનિક પોલીસે મામલો થાળી પાડ્યો હતો. તમાશો જોવા એકત્ર થયેલા ટોળાને પણ પોલીસે હટાવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે છેલ્લા એક મહિના કરતા વધુ સમયથી શહેરના વિવિધ વિસ્તારમાં ગેરકાયદે દબાણ હટાવવાની ફારસરૂપ કામગીરી પાલિકા તંત્રની દબાણ શાખા દ્વારા કરવામાં આવી હતી. દરમિયાન દબાણ શાખાની એક ટીમ કારેલીબાગ વિસ્તારના વોર્ડ નં. ૭મા આજે સવારથી ત્રાટકી હતી વોર્ડની કેટલીક સોસાયટીઓના આંતરિક રસ્તે સોસાયટીના



કેટલાય સભ્યોએ પોતાના મકાન આગળ ઓટલા અને ગેરકાયદે કમ્પાઉન્ડ બનાવી દીધા હતા.

આ અંગેની ફરિયાદો પાલિકા તંત્રને મળી હતી. જેથી વર્ધમાન સોસાયટી, નિકુંજ સોસાયટી, પૂજ્ય કુંજ સોસાયટી વિસ્તારના આંતરિક ઓટલા અને ગેરકાયદે કમ્પાઉન્ડ વૉલ પર પાલિકાની દબાણ શાખાનું બુલડોઝર હજી વળ્યું હતું. ગેરકાયદે દબાણના સફાયાની ચાલતી કામગીરી દરમિયાન કેટલાય ગેરકાયદે ઓટલા ધારકોએ પાલિકાની ટીમ સાથે તું તું મે મેં સહિત રકજક કરવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ કાયદો વ્યવસ્થા જાળવતી પોલીસે તમામને શાંતિથી હટાવ્યા હતા. દરમિયાન દબાણ શાખાની ટીમનું બુલડોઝર ૧૨ જેટલા ગેરકાયદે ઓટલા, ગેરકાયદે આઠ જેટલી કમ્પાઉન્ડ વોલ પર ફરી વળ્યું હતું.

વડોદરા પાલિકા તંત્ર દ્વારા છેલ્લા કેટલાક દિવસથી કાચા પાકા દબાણો શેડ અને લારી ગલ્લા તથા દુકાનોની આગળ બનાવવામાં આવેલા શેડ તોડી પાડવામાં આવ્યા છે. છેલ્લા એક મહિનાથી વધુ સમય કરતા ચાલતી આ કામગીરી બાદ હવે પાલિકા તંત્રની દબાણ શાખા દ્વારા પાણીના ગેરકાયદે દબાણો સહિત ડ્રેનેજના ગેરકાયદે દબાણો કાપવાનો એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. મહાનગરપાલિકા આધારભૂત સૂત્રોના જણાવ્યા મુજબ આગામી કેટલાક દિવસોમાં આ અંગેના કાર્યક્રમનો અમલ કરવામાં આવશે.સ્થાનિક પોલીસ સહિત સલામતીના કારણોસર ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ સહિત વીજ નિગમની ટીમ અંગે એક મતિ સધાયા બાદ પાલિકા તંત્રની દબાણ શાખા દ્વારા આ કાર્યક્રમને અમલમાં મૂકાશે. શહેરના છેવાડાની કેટલીક સોસાયટીઓમાં ગેરકાયદે પાણી- ડ્રેનેજના દબાણનો રાફડો ફાટ્યો છે. આ અંગેની જાણ થતા પાલિકા તંત્ર દ્વારા આવા ગેરકાયદે દબાણનો સફાયો કરવા એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. જેનો અમલ આગામી એકાદ બે દિવસમાં થવાની શક્યતા નકારી શકાતી નથી.

## માનવીનો ભાવનાત્મક વિકાસ જરૂરી છે : સ્વામી પરમાત્માનંદજી

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી સોસાયટીમાં મનુભાઈ વોરા ઓપન એર થિયેટર ખુલ્લું મુકાયું




રાજકોટ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી સોસાયટીમાં સીઝન્સ સ્કવેર ચેરીટેબલ ટ્રસ્ટ નિર્મિત ઓપન એર થિયેટરને ખુલ્લું મૂકતા સ્વામી પરમાત્માનંદ સરસ્વતીજીએ જણાવ્યું હતું કે, " માનવીનો ભાવનાત્મક વિકાસ થાય એ આવશ્યક છે. આજે સમાજમાં ત્યાગનો , સંવેદનશીલતાનો દુકાળ છે. પેહલા સંસાધન ઓછા હતા પણ એકબીજાને મદદ કરવાની ખેવના વધુ હતી અને આજે સમૃદ્ધિ વધી છે પણ માનવીનો ભાવનાત્મક વિકાસ થતો નથી. ભારતની ઓળખ બને એવા ભાવનાત્મક વિકાસની જરૂરી છે."

સ્વામીજીએ આ પ્રસંગે મનુભાઈ વોરાનાં પરિવારનાં સમાજ પ્રત્યેનાં અભિગમને બિરદાવતા કહ્યું હતું કે, "હું રાજકોટમાં આવ્યો ત્યારથી એટલે કે ૩૫ વરસથી આ પરિવાર પાસે કોઈ જાય તો ખાલી હાથે પાછું ના ફરે એવું સાંભળતો આવ્યો છું અને આજે પણ પરિવારમાં એ ભાવના અકબંધ છે. અલ્કાબેન વોરા અને અજયભાઈ જોશી હરદમ સેવા માટે તત્પર રહે છે. વોરા પરિવારના મોભી મનુભાઈ વોરાના નામે આજે ઓપન એર થિયેટર બન્યું છે એ આનંદની વાત છે કારણ કે, કળા અને સાહિત્ય વિના માનવી પશુ બનીને રહી જાય છે. "

આ પ્રસંગે રાજકોટ પશ્ચિમના ધારાસભ્ય ડૉ. દર્શિતાબેન શાહે કહ્યું હતું કે," મનુભાઈ વોરા પરિવાર સાથે અમારા પરિવારનો વર્ષોનો નાતો છે. એમનું ઘર અમારા માટે બીજું ઘર છે. એમણે પોતાની મોટાભાગની સંપત્તિ સમાજ માટે અર્પણ કરી છે એ પ્રેરણાદાયી છે."

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં પૂર્વ કુલપતિ ડૉ. કલ્પકભાઈ ત્રિવેદીએ મનુભાઈને યાદ કરતા કહ્યું હતું કે, "અમે ગમે ત્યારે કોઈ કામ માટે એમની ઓફિસે જતા હોઈએ તો એ અમને જોઈ તુરંત કહેતા કે, બોલો શું મદદ જોઈએ છે? અને આજેય એમનો પરિવાર સેવા ક્ષેત્રે એટલો જ સક્રિય છે." કલ્પકભાઈએ આજના કાર્યક્રમને પંચામૃત સમાન ગણાવી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી સોસાયટીના નિર્માણનાં સમયને અને સોસાયટીની સ્થાપનામાં જેમની ખૂબજ મહત્વની ભૂમિકા રહી છે એવા આર. ડી. આરદેશણા, સ્વ . વી. એચ. જોશી, , યુ. એન. પંડ્યા અને તેઓની સમગ્ર ટીમને યાદ કર્યા હતા. અને સમાજ તરીકે સૌ સાથે મળી જીવીએ , સમાજ માટે કૈક કરી છૂટીએ એવો અનુરોધ પણ ડો. કલ્પકભાઈ ત્રિવેદીએ કર્યો હતો.

આ પ્રસંગે રાજકોટ મહાનગરપાલિકાના શાસક પક્ષના દંડક અન વાયબ્રન્ટ નગર સેવક શ્રી મનીષભાઈ રાડીયા અને કરુણા ફાઉન્ડેશનનાં અધ્યક્ષ શ્રી મિતલભાઈ ખેતાણી પણ ઉપસ્થિત હતા. મનુભાઈ વોરા પરિવારનાં મહેન્દ્રભાઈ વોરા અને અન્યો પણ ઉપસ્થિત હતા. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી સોસાયટીના પ્રમુખ પ્રો. જયદીપસિંહ ડોડિયાએ મહેમાનોનું શબ્દોથી સ્વાગત કર્યું હતું અને સીઝન્સ સ્કવેર ચેરીટેબલ ટ્રસ્ટનાં મેનેજીંગ ટ્રસ્ટી અલ્કાબેન વોરાએ ઋણ સ્વીકાર કરેલો. આ કાર્યક્રમમાં સોસાયટીનાં ઉપાધ્યક્ષ સજી મેથ્યુ , સોસાયટીનાં મંત્રી અને સીઝન્સ સ્કવેર ચેરીટેબલ ટ્રસ્ટનાં ચેરમેન અજયભાઈ જોશી ઉપસ્થિત હતા. અને વાઈસ ચેરમેન અને વરિષ્ઠ પત્રકાર કૌશિક મહેતાએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

આ કાર્યક્રમમાં જાણીતા કવિ શ્રી સંજુ વાળા, શ્રી દિલીપ જોશી, શ્રી આર. પી. જોશી, ડો. સુનીલ જાદવ,અને શ્રી દીપક ત્રિવેદી ઉપરાંત શ્રી એન. એસ. ઉપાધ્યાય, પૂર્વ પ્રમુખ પ્રો. પી. એચ. પરસાણીયા, અગ્રણીશ્રી નીલેશભાઈ માંડવીયા, દિલીપભાઈ આહ્યા, દિનેશભાઈ ભુવા, ડો.સેજલબેન ભટ્ટ , જાણીતા પેઈન ફીજીશિયન ડો. ચેતનાબેન જાડેજા, ડો. ધર્મેન્દ્રસિંહ ગોહિલ, શ્રીમતી વિમીબેન અજયભાઈ જોશી, શ્રીમતી રાગિણીબેન દિનેશભાઈ ભુવા તેમજ સોસાયટીના વરિષ્ઠ સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સોસાયટીના પ્રમુખ પ્રો .જયદીપસિંહ ડોડિયા , ઉપપ્રમુખ સજી મેથ્યુ, મંત્રી અજયભાઈ જોશી, સહમંત્રી અજયસિંહ એમ. પરમાર, સહમંત્રી રમેશ સભાયા, પ્રો. ડો. અનામિકભાઈ શાહ, ઉદ્યોગપતિ શૈલેષ પટેલ, શ્રી જિતેશકુમાર એમ. પંડિત, શ્રી કૈલેશકુમાર તન્ના,ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી ભરતભાઈ વાજા, ડો. દર્શન ભટ્ટ, શ્રી ડી.પી. ત્રિવેદી, ઉદ્યોગપતિ શ્રજીથ નાયર, શ્રી મૌલિકસિંહ ભટ્ટી, એચ. એમ. રાજા, વગેરેએ જહેમત ઉઠાવી હતી.ઉદઘાટન સમારોહ પૂર્ણ થયા બાદ શ્રીમતી જીગીશાબેન રાવલ, મુનિષભાઈ ગુસાણી, જયેશભાઈ જાદવ અને ઊપસ્થિત અન્ય કલાકારો દ્વારા જૂના ફિલ્મી ગીતો રજૂ કરવામાં આવ્યા હતા.

## જીપેરી-જીટીયુ મેવડ, મહેસાણા ખાતે આવેલી ગુજરાત પાવર એન્જિનિયરિંગ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા પ્રિન્સીપાલ Meet-2024 નું આયોજન કરાયું




જીપેરી-જીટીયુ મેવડ, મહેસાણા ખાતે આવેલી ગુજરાત પાવર એન્જિનિયરિંગ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા તારીખ ૧૬મી ડિસેમ્બર , ૨૦૨૪ ના રોજ પ્રિન્સીપાલ સીં-૨૦૨૪ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જીપેરી-જીટીયુ ના આદરણીય પ્રિન્સીપાલ શ્રી ચિરાગ વિભાકર સાહેબ તથા અતિથિ વિશેષ તરીકે દિનકરભાઈ પટેલ (પ્રમુખ, જીલ્લા આચાર્ય સંઘ),રાજુભાઈ પટેલ (કન્વીનર, વાલ્મિકી શાળા વિકાસ સંકુલ), દિલીપભાઈ ચૌધરી (કન્વીનર, સાંદીપની શાળા વિકાસ સંકુલ),અશોકભાઈ પટેલ (ઉપપ્રમુખ, જીલ્લા આચાર્ય સંઘ),કનીભાઈ પટેલ (કન્વીનર, રહેતા આચાર્ય સંઘ, કલ્યાણ નિધિ),દિલીપભાઈ પટેલ (સંકલનસભા) તથા મુકેશભાઈ પટેલ (કન્વીનર, જીલ્લા પરિક્ષા) એવા મોટા અધિકારીઓએ હાજરી આપી હતી. આ કાર્યક્રમ માં કોલેજ ના પ્રિન્સીપાલ શ્રી ચિરાગ વિભાકર સાહેબે બે મહત્ત્વ ના મુદ્દા ઉપર વાત કરી જેમાં સાયબર સુરક્ષાની જરૂરિયાતો તથા નવી શિક્ષણ નીતિ (દ્બઈઃ૨૦૨૦) વિશે વિશેષ ચર્ચા કરી.આ કાર્યક્રમમાં ૯૦ થી વધારે પ્રિન્સીપાલ હાજર રહી સફળ બનાવ્યો હતો.આ કાર્યક્રમનું સફળ આયોજન જીપેરી કોલેજના પ્રિન્સીપાલ ડૉ. ચિરાગ વિભાકર સાહેબના માર્ગદશન હેઠળ કોલેજના પ્રો. ગૌરવ વ્યાસ ( કો-ઓર્ડીનેટર), પ્રો. કેદાર બધેકા,પ્રો. અક્ષય રાઠોડ તથા કોલેજના સમગ્ર કર્મચારીઓના સહકારથી કરવામાં આવ્યું હતું. આ સફળ આયોજન કરવા બદલ જીટીયુના વાઈસ-ચાન્સેલર આદરણીય ડૉ. રાજુલ ગજ્જર મેડમ, કુલસચિવ ડૉ. કે. એન ખેર સાહેબ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## શ્રી પુરુષોત્તમભાઈ ઉપાધ્યાય સાહેબ ના દેહાંત થી

ગઝલ બની ગમગીન
સંગીત બન્યું સૂનું
વાદ્ય બન્યા વેરાન
સ ર ગ મ થઈ શાંત



સઁગીત ને પચાવનાર ને પુરુષો માં ઉત્તમ એવા શ્રી પુરુસોત્તમભાઈ ના દેહાંત થી સ્વર્ગ બન્યું સમૃદ્ધઆવા મહાન કલાકાર ને શ્રદ્ધજલી નહીં પણ સંગીતાંજલી

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.